૫ ઠંડક ← બોખ્ખો → બિલ્લી

X7M4E1

## ચાલો, ગાઈએ ગીતડું :

એક જાદુગર એવો, જાદુગર એવો,
એણે ખેલ બનાવ્યો કેવો!
જેણે વિધવિધરંગી ફૂલ કર્યાં,
એની પાંખડીઓમાં પ્રાણ પૂર્યા,
એણે ચાંદો બનાવ્યો કેવો!
જેણે રૂપાળી રજની કીધી,
જેણે દૂધભરી દુનિયા કીધી,
એણે મોર બનાવ્યો કેવો!
એના ટહુકા તો સૌને ગમતા,
એના રંગ દેખી બાળ હરખાતાં,
એનો ખેલ ન ખૂટે એવો!

- પિનાકીન ત્રિવેદી

## આપેલા ચિત્રોની મદદથી તમને ગમે એ રીતે આ બિલાડીને સજાવો. પછી તેમાં રંગ પૂરો :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સાંભળો અને વાંચો :

## ઠંડકનું આકાશદર્શન

દરિયાને તળિયે માછલીઓનું એક ગામ હતું. એ ગામમાં જે રહે એને બે મોટા ફાયદા થાય. એક તો પૈસા ભરીને કોઈ સ્વિમિંગ પૂલમાં મેમ્બર થવાની જરૂર નહિ... ચારે બાજુ પાણી જ પાણી. મન ફાવે ત્યાં તરવાનું, તદ્દન મફત. બીજો ફાયદો એ કે તરસ લાગે ત્યારે ગ્લાસ પણ નહિ શોધવાનો, ને માટલું પણ નહિ શોધવાનું. ફક્ત મોઢું ખોલવાનું. પાણી પોતાની મેળે પેટમાં પહોંચી જાય. પણ, માછલીઓના ગામમાં બે મોટાં દુઃખ એક તો પતંગ ચગાવવા મળે નહિ. પતંગનો તો પાણીમાં લોંદો જ વળી જાય ને! વળી પવન ન વાય એટલે ચગે પણ કેમ? બીજું, દુઃખ એ કે મોઢેથી વ્હિસલ ન વગાડાય. ગાલમાંથી ગમે તેટલી ફૂંક મારો પણ સિસોટીનો અવાજ નીકળે જ નહિ.

આવા ગામમાં ઠંડક નામની એક હસતી ગાતી માછલી રહેતી હતી. શિયાળાના દિવસો પાસે આવ્યા ત્યારે દરિયાનું પાણી ઠંડું થવા લાગ્યું. માછલીઓ ખંજરીની જેમ ધ્રૂજવા લાગી. ઠંડકના દાદાનું નામ આગેકૂચ. એમણે કહ્યું, ‘‘દોસ્તારો, ગભરાઓ નહીં. અહીંથી સો કિલોમીટર દૂર એક ગામ છે. કડકડતી ઠંડીના દિવસોમાં પણ ત્યાંનું પાણી હૂંફાળું ને ગરમ રહે છે. એ ગામનો મુખી ભલાભાઈ મારો બચપણનો દોસ્ત છે. આપણે બધા બે મહિના માટે એ ગામે રહેવા જઈએ.’’



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

માછલીઓમાં બૂમાબૂમ થઈ ગઈ. ''વંડરફૂલ, વંડરફૂલ!'' ''નવું ગામ જોવા મળશે, પિકનિક થઈ જશે, યાર....'' જોકે સો કિલોમીટર તરવાની વાત સાંભળીને અમુક ઘરડી માછલીઓ બેબાકળી થઈ ગઈ; અને પોકારવા લાગી :

''પાણીએ પાણીએ શોર હૈ,
આગેકૂચ ચોર હૈ!''

પણ આખરે, આગેકૂચની સરદારી નીચે, બધાં માછલાં નવે ગામ પહોંચ્યાં. નવા ગામનો મુખી ભલાભાઈ તો ઠંડકના દાદાને ભેટી જ પડ્યો. ''એલા આગેકૂચ, તું તો હાવ ડોહો થઈ ગયો, ડોહો! આ જો, હું તો પહેલાં જેવો જ હટ્ટોકટ્ટો છું. આટલાં વરસ તું ક્યાં ગુલ થઈ ગયેલો, હેં?''

રાત્રે એક મિજબાની ગોઠવાઈ, ને એમાં થાકેલા મહેમાનોને સુંવાળી શેવાળ અને સ્વાદિષ્ટ સાપોલિયાનું ભાવતું ભોજન પિરસાયું.

બીજે દિવસે સાઇટ-સીઈંગનો કાર્યક્રમ રખાયો. નવા ગામનાં જોવાલાયક સ્થળોએ બધાંએ ફરવાનું હતું. એને માટે બે કાચબાઓને ભાડે રાખ્યા હતા. બધી માછલીઓ કાચબાની ઢાલ ઉપર ગોઠવાઈ ગઈ એટલે કાચબાઓ સ્ટાર્ટ થયા.

ઘણી જગ્યાઓ જોઈ. પરવાળાના રાતા ખડકો જોયા. ગરમ અને ઠંડા પ્રવાહો મળે છે એ સંગમસ્થાનનાં દર્શન કર્યાં. દૂરથી ડરીડરીને દરિયાઈ સાપોનું ગામ જોયું. પણ, કાચબાઓ જ્યારે એક તૂટી પડેલા જહાજના ભંગાર પાસે લઈ આવ્યા, ત્યારે ઠંડક અને દોસ્તારોને સૌથી વધારે મજા પડી ગઈ. કાટમાળની વચ્ચે સોનામહોરોના ઢગલા હતા. ચાંદીની પેટીઓ હતી. કટાયેલી તલવારો હતી. ચળકતા હીરા-મોતીના હાર હતા. ફરવાનો કાર્યક્રમ પૂરો થયો ત્યાં સુધીમાં તો કાચબા અને નાનકડી ઠંડક વચ્ચે દોસ્તી જામી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

શું જોવાનું હશે? ઠંડક તો રાત્રે ઊંઘી જ ન શકી. આગેકૂચ અને બીજાં બધાં ઊંઘી ગયાં ત્યારે કાચબો આવ્યો. ઠંડકને સાથે લઈને એ ઉપરની તરફ તરવા લાગ્યો. ''દરિયાની બહાર શું હોય છે તે તને ખબર છે?'' કાચબાએ પૂછ્યું. ઠંડક બોલી, ''દરિયો એટલે શું?'' ''આપણું ઘર. એટલે કે આપણે જે પાણીમાં રહીએ છીએ, તે દરિયો. પણ એની બહાર શું હોય છે તે આજે તને બતાવું.'' એમ કહીને કાચબો એકદમ સપાટી પર આવી ગયો.

ઠંડકે પાણીની બહાર ડોકિયું કર્યું ન કર્યું ને તે સ્તબ્ધ બની ગઈ. ખૂબ ખૂબ ઊંચે કાળી ચાદરમાં ચમકીલાં કાણાં દેખાતાં હતાં. થોડાં રૂનાં ઢગલા જેવું પણ કૈંક હતું. થાળી આકારનો સોનેરી-સોનેરી કોઈક લાડવો દેખાતો હતો. ભૂરા-પીળા ચમકીલા ચાંદલા જેવું ઠેર-ઠેર પથરાયેલું હતું. ડૂબેલી આગબોટનો જે ખજાનો સવારે જોયો હતો, તેવા હજારો ખજાના વેરાઈને પડ્યા હોય એવું દેખાતું હતું. ઠંડકને શરીરે આનંદની ધ્રુજારી પસાર થઈ ગઈ. થોડીવારમાં કાચબાએ ઠંડકને પાછી પાણી નીચે ખેંચી લીધી. ''કાચબાદાદા, આ બધું શું હતું? મને તો કંઈ સમજ પડતી નથી...'' ઠંડક કહેવા લાગી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

"દીકરી, એ  અને  હતા."

"કેટલા સુંદર હતા એ, કાચબાદાદા. આખી જિંદગીમાં મેં તો આવી અદ્‌ભુત વસ્તુઓ કદી જોઈ નથી. પાછા પાણીની બહાર ચાલો, દાદા. આપણે ચાંદા-તારાની પાસે જ રહી જઈએ."

કાચબો હસીને બોલ્યો, "બેટા ઠંડક, તું પાણીની બહાર ચાંદા-તારાની પાસે રહેવા જાય ને, તો શ્વાસ જ નહિ લઈ શકે. આપણે તો દરિયાની અંદર જ રહેવાનું. હા, મહિને વળી એકાદ વાર ઉપર આવવાનું, ને સપના જેવા સુંદર મજાના ચાંદ-તારાને જોઈ જવાના.

આટલું કહીને ભલો કાચબો ઠંડકને ગામમાં પાછો લઈ ગયો. બીજી માછલીઓ સાથે એને વહાલથી સુવડાવી. અબરખનો તકિયો ને રેતીની પોચીપોચી પથારી. ગુડનાઈટ."

- ઉદયન ઠક્કર

- **વાતચીત :**
  - આ વાર્તામાં તમને સૌથી વધુ મજા ક્યારે આવી?
  - તમે ઘર વગર રહેતા હો તો શું શું થાય?
  - પાણીમાં વ્હિસલ કેમ ન વાગે? પાણીમાં વ્હિસલ વાગે એ માટે તમે શું શું કરશો?
  - બહુ ઠંડી લાગે ત્યારે લોકો શું કરે?
  - એવું શું થાય ત્યારે તમને વન્ડરફૂલ વન્ડરફૂલ એવું કહેવાનું મન થાય?
  - એક કાચબાના પરિવારમાં પાંચ લોકો રહે છે, તે પાંચેયનાં નામ પાડો.
  - તમે શિયાળામાં ઠંડીથી બચવા શું શું કરો?
  - તમે પિકનિકમાં જાવ ત્યાં શું શું કરો છો?
  - તમને ક્યાં ફરવા જવું ગમે?
  - તમારે દરિયાની અંદર ફરવા જવું હોય તો તમે શી તૈયારી કરશો? કેમ?
  - ઠંડકને પૃથ્વી પર બધું જોવું છે તો તમે તેના માટે શા આઈડિયા કરશો?
- **ચાલો, ગાઈએ ગીતડું : એક જાદુગર એવો...**

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. આવા ગામમાં ઠંડક નામની એક હસતી ગાતી માછલી રહેતી.

(અ) ઠંડક આખો દિવસ હસહસ જ કરતી.

(બ) ઠંડક નામના ગામમાં હસતી ગાતી નામની માછલી રહેતી.

(ક) ઠંડક હંમેશાં ખુશ રહેતી હતી.

૩. આખી જિંદગીમાં મેં તો આવી અદ્‌ભુત વસ્તુઓ કદી જોઈ નથી.

(અ) મને આવી નવાઈ લાગે તેવી વસ્તુઓ હજી સુધી ક્યારેય જોવા મળી નથી.

(બ) મને આવી ભૂતને ગમે તેવી વસ્તુઓ ક્યાંય મળતી નથી.

(ક) મેં જિંદગીમાં આવી વસ્તુઓ નવી નવી જગ્યાએ જોઈ છે.

૪. પતંગનો તો પાણીમાં લોંદો જ વળી જાય ને!

(અ) પાણીમાં પતંગ લટકી જાય એટલે સુકાય નહીં.

(બ) પતંગ ચગે નહીં તેવું સાવ ભીના ડૂચા જેવું થઈ જાય.

(ક) પતંગનો દોરો પાણીમાં લાંબો થઈ જાય.

૫. માછલીઓ ખંજરીની જેમ ધ્રુજવા લાગી.

(અ) માછલીઓને બહુ ઠંડી લાગી એટલે તે ધ્રુજવા લાગી.

(બ) માછલીઓને ઠંડી લાગે એટલે એ ખંજરી થઈ જાય.

(ક) ખંજરી માછલીની જેમ બીજી માછલીઓ પણ ધ્રુજવા લાગી.

**વાક્ય સાચું હોય તો તે જ લખો અને વાક્ય ખોટું હોય તો સુધારીને લખો. આ વાક્યો ઝીણા અક્ષરથી લખી બતાવો.**

૧. માછલીઓને સ્વિમિંગપૂલમાં જવાનો ખર્ચ ન કરવો પડે. ____________________

૨. દરિયામાં ક્યાંક ક્યાંક થોડું ગરમ પાણી હતું. ____________________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ **‘હો’ એમ બોલતાં જઈ કૂદકો મારો. આવા પાંચ કૂદકા મારો. ‘અ’નાં વાક્યોના અર્થવાળાં વાક્ય ‘બ’માંથી શોધી ઉદાહરણ મુજબ ક્રમ લખો. તે જોડકાં મોટેથી વાંચો.**

| ક્રમ | ‘અ’ | | ‘બ’ |
|---|---|---|---|
| ૧ | ઠંડકના દાદા ખૂબ ઘરડા થઈ ગયા હતા. | ૫ | ઠંડકના દાદા અને ગામના મુખી સારા મિત્રો હતા. |
| ૨ | દરિયામાં સાવ નીચે એક ગામ હતું, તેમાં ઠંડક રહેતી હતી. | | બપોર પછી આજુબાજુની કેટલીક સારી જગ્યાએ ફરવા જવાનું હતું. |
| ૩ | સૌ હુંફાળા પાણીવાળા ગામમાં બે મહિના રહેવા ગયા. | | આગેકૂચ ડોહા જેવો થઈ ગયો હતો. |
| ૪ | સહુ આગેકૂચ કહે તે રીતે સો કિલોમીટર સુધી તરીને હૂંફાળા પાણીના ગામમાં ગયા. | | ભલાભાઈના ગામમાં સૌ શિયાળો પૂરો થાય ત્યાં સુધી રોકાવાના હતા. |
| ૫ | ભલાભાઈ આગેકૂચના દોસ્ત હતા. | | ઠંડકનું ઘર દરિયાના તળિયે હતું. |
| ૬ | સાંજે જોવાલાયક સ્થળોએ ફરવા જવાનો કાર્યક્રમ હતો. | | આગેકૂચની સરદારી નીચે સૌ દૂર દૂર નવા ગામે પહોંચ્યા. |

- **ચાલો, ગાઈએ ગીતડું : એક જાદુગર એવો...**

⬡ **વાક્યોને વાર્તા મુજબનો ક્રમ આપો :**

______ ઘરવાળાઓ પર સવાર થઈ માછલીઓ ફરવા નીકળી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

_____ કાચબો ઠંડકને સાથે લઈ તે ઉપરની તરફ તરવા લાગ્યો.

_____ આગેકૂચની આગેવાનીમાં બધાં માછલાં નવા ગામ પહોંચ્યાં.

_____ કાચબાએ બીજી માછલીઓ સાથે ઠંડકને વહાલથી સુવડાવી.

_____ "કાચબાદાદા, કેટલા સુંદર હતા ચંદ્ર-તારા!"

**ટમીની ગઈકાલની, આજની અને આવતીકાલની પ્રવૃત્તિઓ વાંચો.**

- ટમી ગઈકાલે સવારે પાંચ વાગ્યે ઊઠી. શનિવાર હોવાથી તે આઠ વાગ્યે શાળામાં પહોંચી ગઈ. તેણે દસ વાગ્યે રિસેસમાં નાસ્તો કર્યો. તે બપોરે બે વાગ્યે જમીને ચાર વાગ્યે સૂઈ ગઈ.
- આજે રવિવાર છે. ટમીની શાળામાં રજા છે. અત્યારે દસ વાગ્યા છે. ટમી નાહીધોઈને ટી.વી.માં કાર્ટૂન જોવા બેઠી છે. બપોરના બે વાગ્યા છે, તે જમીને વાંચવા બેઠી છે. ઘડિયાળમાં ચાર વાગ્યા છે, તે તેના ભાઈ સાથે રમે છે.
- આવતીકાલે સોમવાર છે. ટમીની શાળાનો સમય ૧૧થી ૫ વાગ્યાનો હશે. તે સવારે આઠ વાગ્યે ઊઠશે. નાસ્તો કરીને ૧૦ વાગ્યે તે શાળાએ જવા નીકળશે. બે વાગ્યે મોટી રિસેસમાં તે નાસ્તો કરશે. ચાર વાગ્યે પી.ટી.ના પિરિયડમાં તે મિત્રો સાથે ક્રિકેટ રમશે.

- **હવે, ટમીની ક્રિયાઓ બતાવતાં એક કે બે શબ્દો કોષ્ટકમાં લખો. ઉદાહરણ જુઓ :**

| સમય | ટમી ગઈ કાલે.. | ટમી આજે... | ટમી આવતી કાલે... |
|---|---|---|---|
| ૦૫:૦૦ | ઊઠી | ઊંઘે છે | |
| ૦૮:૦૦ | | | ઊઠશે |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**અહીં અમૃતાના ત્રણ દિવસની પ્રવૃત્તિઓ ભેગી થઈ ગઈ છે. તેને છૂટી પાડીને લખો.**

- અમૃતા કૉલેજ ગઈ હતી. અમૃતા તેના મામાના ઘરે જશે. અમૃતા પ્રવાસમાં ગઈ છે. તે મિત્રો સાથે નવાં નવાં સ્થળોએ ફરે છે. તે પોતાના ભાઈને ભાવતી ચૉકલેટ લઈને જશે. કૉલેજથી આવીને તે ડાન્સક્લાસમાં ગઈ હતી. ઘરે જઈને તે મામીના હાથના ઢોસા ખાશે. ડાન્સક્લાસમાંથી ઘરે પાછા આવતી વખતે તે મમ્મીપપ્પા માટે આઈસક્રીમ લઈને ગઈ હતી. બધા મિત્રો ભેગા મળીને પિઝાપાર્ટી કરે છે.

૧. અમૃતાની ગઈકાલ : ______________________________

______________________________

૨. અમૃતાની આજ : ______________________________

______________________________

૩. અમૃતાની આવતીકાલ : ______________________________

______________________________

**'અત્યારે બપોરના ૧૨ વાગ્યા છે.' - આ વાતને ધ્યાનમાં રાખી જે વાક્ય સાચું હોય તેની આગળના (   )માં ✓ કરો.**

૧. ( ✓ ) તે સવારે ૧૦ વાગ્યે નાસ્તો કરતો હતો.

( ) તે સવારે ૧૦ વાગ્યે નાસ્તો કરશે.

૨. ( ) તે સવારે ૮ વાગ્યે ઊઠે છે.

( ) તે સવારે ૮ વાગ્યે ઊઠ્યો હતો.

૩. ( ) તે સવારે ૯થી ૧૦ વાગ્યા સુધી વાંચવા બેસે છે.

( ) તે સવારે ૯થી ૧૦ વાગ્યા સુધી વાંચવા બેઠો હતો.

૪. ( ) તે બપોરે ૧૨ વાગ્યે જમવા બેઠો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૭. (    ) તે રાત્રે ૧૦ વાગ્યા સુધી લેસન લખશે ને પછી ઊંઘી જશે.

(    ) તે રાત્રે ૧૦ વાગ્યા સુધી લેસન લખીને ઊંઘી ગયો હતો.

**તમારી શાળાના તમને ગમતા શિક્ષક પાસે જાઓ, તેમને પૂછો અને લખો.**

- શિક્ષકનું નામ :
- ગઈકાલે તેમણે આખા દિવસમાં શું કર્યું હતું?

  ૧. ____________________

  ૨. ____________________
- અત્યારે તેઓ શું કરી રહ્યા છે?

  ૧. ____________________

  ૨. ____________________
- આવતીકાલે તેઓ આખા દિવસમાં શું કરશે?

  ૧. ____________________

  ૨. ____________________

**સમય બતાવતા શબ્દોને તેને અનુરૂપ 'અગાઉ', 'અત્યારે' અને 'હવે પછી'ના ખાનામાં લખો.**

(ગયા રવિવારે, હાલમાં, બે દિવસ બાદ, આજે, અબીહાલ, ઈ.સ. ૨૦૧૬માં, પરમ દિવસે, અઠવાડિયા પહેલાં, ઈ.સ. ૨૦૯૪માં, હમણાં, આવતા મહિને)

| અગાઉ<br>——— | અત્યારે<br>• | હવે પછી<br>——— |
|---|---|---|
| | | |


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સાંભળો, ઝીલો અને ગાઓ.

### બોખ્ખો મગર



એક બિલાડી જાડી પાડી એ તો પહેરે જીન્સ
એનાં બે નાનકડાં બચ્ચાં બ્લેક એન્ડ વ્હાઈટ ટ્વિન્સ
રોજ સવારે તળાવકાંઠે બધ્ધાં ફરવા જાય
લુચ્ચા મગરભાઈના મોંમાં પાણી આવી જાય
મીઠું મીઠું સ્માઈલ આપી એ સૌને લલચાવે
બચ્ચાંને પણ ખબર હતી કે બિલ્લી એને ભાવે
મૉડર્ન બિલ્લી જોઈ મગરનું ચિત્ત ચડે ચકરાવે
આ તે કેવી બિલ્લી જેને ચક્કર પણ ના આવે!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



એક દિવસ તો બિલ્લીબાઈએ મનમાં વાળી ગાંઠ
કદી ભૂલે નહીં એવો શીખવું મગરભાઈને પાઠ
કપડાંની એક જાડી બિલ્લી બિલ્લીબાઈ લઈ આવ્યાં
સરસ મજાની સાડી ઉપર ગોગલ્સ પણ પહેરાવ્યાં
તળાવ પાળે લઈ જઈ એને તરતી મૂકી દીધી
ઝટપટ લગાવી છલાંગ મગરભાઈએ બિલ્લી ઝડપી લીધી
કપડાંની બિલ્લીમાં પથ્થર સંતાડ્યા'તા સાત
તડ તડ તડ તડ તડાક તૂટ્યા મગરભાઈના દાંત
બિલ્લીબહેન ને મગરભાઈનો હિસાબ થઈ ગયો ચોખ્ખો
તળાવમાં તો બધા જ ખીજવે આવ્યો મગર બોખ્ખો.

- કૃષ્ણ દવે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ● વાતચીત :

- ગીતમાં તમને સૌથી વધુ મજા ક્યારે આવી?
- તમે જો બિલાડી પાળો તો તેને શું શું પહેરાવો?
- બિલાડી અને તેનાં બચ્ચાં તળાવે ફરવા જઈને શું શું કરતાં હશે?
- કોઈને ચક્કર આવે ત્યારે તેને શું શું થતું હશે?
- તમારા ઘરમાં કોણ સાડી પહેરે છે?
- તમારા દાંત પડે ત્યારે તમને શું થાય?
- દાંત ન હોય તેને તમે શું કહો છો?
- તમે તમારા મિત્રને શું કહીને ખીજવો છો?
- તમને કોઈ ખીજવે ત્યારે તમને કેવું લાગે છે?

## કાવ્ય પંક્તિનો બંધબેસતો અર્થ શોધો.

૧. એનાં બે નાનકડાં બચ્ચાં બ્લેક એન્ડ વ્હાઈટ ટ્વિન્સ
(અ) મગરનાં બે નાનાં નાનાં બચ્ચાં હતાં.
(બ) બિલ્લીને બે કાળાં જોડિયાં બચ્ચાં હતાં.
(ક) બિલ્લીને કાળું અને સફેદ એવાં બે જોડિયાં બચ્ચાં હતાં.

૨. મૉડર્ન બિલ્લી જોઈ મગરનું ચિત્ત ચડે ચકરાવે.
(અ) મૉડર્ન નામની બિલ્લી જોઈ મગરને ચક્કર આવ્યાં.
(બ) મૉડર્ન બિલ્લીને જોઈ મગરનું ચિત્ત ચક્કર ઉપર ચડ્યું.
(ક) નવા જમાનાની બિલ્લી જોઈ મગરના મનમાં કેટલાય વિચારો આવે.

૩. કપડાંની એક જાડી બિલ્લી બિલ્લીબાઈ લઈ આવ્યાં.
(અ) બિલ્લી કપડાંની એક જાડી બિલાડી બનાવીને લઈ આવી.
(બ) કપડાંની એક બિલાડી જાડી બિલ્લીને લઈને આવી.
(ક) જાડી બિલ્લી ઘાઘરાં પહેરીને આવી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું : એક જાદુગર એવો...**

**પ્રશ્નના જવાબ કહો.**

૧. બિલાડીને શું પહેરવું ગમતું હતું?
૨. બિલ્લીનાં બચ્ચાંને લલચાવવા મગરભાઈ શું કરતા હતા?
૩. મગરભાઈના મોંમાં પાણી કેમ આવતું હતું?
૪. મગરને બોખ્ખો કેમ કહે છે?
૫. બિલાડીને ચક્કર નથી આવતાં તેની મગરને નવાઈ કેમ લાગી?
૬. મગરભાઈને પાઠ ભણાવવા બિલાડીએ શું કર્યું?

**બિલાડીને લાગુ પડતું હોય ત્યારે 'મ્યાઉં' બોલો અને મગરભાઈને લાગુ પડતું હોય ત્યારે 'વાઉં' બોલો.**

૧. એનાં બે કાળાં અને સફેદ બચ્ચાં કેવાં સુંદર છે!
૨. અરે! આને હું ખાઉં તો કેવી મજા આવે...!
૩. હું શું કરું કે જેથી આના દાંત તૂટી જાય?
૪. ઓ મા! મારા દાંત તૂટી ગયા, મને તો બહુ દુખ્યું.
૫. લાવ, એને ગોગલ્સ પહેરાવું.
૬. આ તો જો, મારાથી જરાય ડરતી નથી.

**તમે નાના હતા ત્યારનો અને અત્યારનો તમારો ફોટો લગાવો.**

| નાનપણનો ફોટો | અત્યારનો ફોટો |
|---|---|
| | |

- **વાતચીત :**

૧. તમે નાનાં હતાં ત્યારે ઘરમાં તમારું હુલામણું નામ શું હતું?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારા વિશે લખો.

| | |
|---|---|
| મારું ઘરનું નામ ____________ હતું. | અત્યારે મારું નામ ____________ છે. |
| મને ______ , ______ ભાવતું હતું. | હવે મને ______ ભાવે ______ |
| મને ______ બીક લાગતી ______ | અત્યારે મને ______ બીક લાગે ______ |
| મને ______ વાર્તા ગમતી ______ | હવે મને ______ વાર્તા ______ |
| પહેલાં ______ મારે બનવું ______ | મારે ______ ______ ______ |


## જરા હસીએ...

ધૈર્ય : આ વર્ષનું એક કૅલેન્ડર આપજો ને.

દુકાનદાર : કેવું આપું?

ધૈર્ય : ઘણી બધી રજાઓવાળું.

## શબ્દપોટલીમાં શબ્દ ભરો.




## લગભગ સરખા :

**બાળ**-નાનો બાળક; **ટહુકો**-એક પ્રકારનો મધુર અવાજ; **હરખાતાં**-ખુશ થતાં; **તદ્દન**-એકદમ; **લોંદો**-પલળેલા કાગળનો ડૂચો; **પવન વાય**-પવન આવે; **ચગે**-ઉપર ઊડે; **હૂંફાળું**-થોડું ગરમ;

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in